ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૩.૫ ડીગ્રી
લઘુતમ : ૧૬.૫ ડીગ્રી
ભેજ
સવારે ૫૬ ટકા ● સાંજે ૩૮ ટકા

# દિવાળી પર્વોમાં અક્ષરધામ-પ્રકૃતિ ઉદ્યાન બન્યા હોટ ફેવરીટ

## ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન અને અક્ષરધામમાં દિવાળી પર્વ નિમિત્તે મુલાકાતીઓ ૧૦ ગણા વધ્યા



ગાંધીનગર, તા. ૯


દિવાળી પર્વમાં અક્ષરધામ અને ઈન્દ્રોડા નેચર પાર્કમાં મુલાકાતીઓની ભારે ભીડ જોવા મળળી હતી. અક્ષરધામ મંદિરમાં સામાન્ય દિવસોમાં હજાર આસપાસ દરરોજના મુલાકાતીઓ આવતા હોય છે. જે દિવાળી પર્વમાં ધનતેરસથી ગઈકાલ સુધી ૧૦થી ૧૨ હજાર એટલે કે ૧૦ ગણો વધારો નોંધાયો છે. જેમાં સૌરાષ્ટ્ર, મધ્ય ગુજરાત તરફથી વધારે પ્રમાણમાં મુલાકાતીઓ આવ્યા હતા. જ્યારે ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનમાં દરરોજના સરેરાશ ૧૦ હજાર મુલાકાતીઓ આવતા હતા. તેથી પ્રકૃતિ ઉદ્યાનનો એક દિવસની આવકનો આંકડો રૂપિયા ૩ લાખને પાર થયો હતો. પ્રકૃતિ ઉદ્યાનમાં વાઘ, સિંહના ઓપન મોટ પદ્ધતિના પાંજરા બનાવ્યા હોવાથી મુલાકાતીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની રહ્યું છે.

સાબરમતી નદીના કિનારે આવેલા ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનમાં વાઘ, સિંહ, દિપડો સહિતના પ્રાણીઓને લાવવામાં આવ્યા છે. ઉપરાંત નદીના કોતરમાં ઉભુ કરાયેલ ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનમાં જંગલ જેવો જ માહોલ હોવાથી મુલાકાતીઓ માટે વિશેષ આકર્ષણ રહ્યું છે. જો કે તેમાંય રાજ્યના વન વિભાગ દ્વારા ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનમાં વાઘ, સિંહ જેવા જંગલી પ્રાણીઓ લાવવામાં આવ્યા છે. ઉપરાંત લાખોના ખર્ચે વાઘ, સિંહના પાંજરા ઓપન મોટ પ્રકારના બનાવવામાં આવ્યા છે. આથી મુલાકાતીઓને જાણે જંગલમાં જ સિંહ અને વાઘને લાઈવ જોતા હોય તેવો અનુભવ થઈ રહ્યો છે. ઉપરાંત પ્રકૃતિ ઉદ્યાનમાં સફેદ વાઘ પણ મુલાકાતીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની રહ્યો છે.

દિવાળી પર્વમાં રજાઓ પડતા જ મુલાકાતીઓથી ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન જાણે છલકાઈ રહ્યું હોય તેમ દરરોજના ૧૦ હજારથી વધુ મુલાકાતીઓ આવતા હતા. જો કે રાજ્યના વન વિભાગ દ્વારા મુલાકાતીઓ માટે ફી રાખવામાં આવી હોવાથી ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનને દરરોજની આવક રૂપિયા ૩ લાખને પાર થઈ ગઈ હોવાનું ગીર ફાઉન્ડેશનના માહિતગાર સૂત્રોએ જણાવ્યું હતું. કોરોના મહામારીને કારણે છેલ્લા ૨૦ માસ સુધી ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનને મુલાકાતીઓ માટે બંધ રાખવામાં આવ્યું હતું. પરંતુ હાલમાં કોરોનાનું સંક્રમણ ઘટતા મુલાકાતીઓ માટે પ્રકૃતિ ઉદ્યાન ખુલ્લું મુકવામાં આવ્યું છે. મુલાકાતીઓના ધસારાને ધ્યાનમાં રાખીને ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન દ્વારા ખાસ આયોજન કરવામાં આવ્યું હતું. મુલાકાતીઓના ધસારાને પગલે પ્રકૃતિ ઉદ્યાનમાં પાર્કમાં ઉભા કરાયેલુ પાર્કિંગ વાહનોથી ભરચક બની ગયુ હતુ. વિવિધ સ્થળે કોરોના ગાઈડલાઈનનું પાલન થાય તે માટે તંત્ર દ્વારા થોડા થોડા અંતરે સૂચનાઓના બેનર લગાડવામાં આવ્યા હતા. તે ઉપરાંત સેનીટાઈઝરની ખાસ સુવિધા ઉપલબ્ધ રાખવામાં આવી હતી. બાળકો સહિત મોટેરાઓના ધસારાને પગલે તંત્રએ સૂચના જારી કરતાં ઉદ્યાનમાં ફરજ બજાવતા સ્ટાફ દ્વારા મુલાકાતીઓને સોશિયલ ડીસ્ટન્સીંગનું પાલન કરાવવા તથા માસ્ક પહેરવાની ફરજ પાડવામાં આવતી હતી. બાળકો સાથે સેંકડો પરિવારોના ધસારાના પગલે કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસ બંદોબસ્ત પણ રાખવામાં આવ્યો હતો. તહેવારમાં મુલાકાતીઓની સંખ્યા વધવાની શક્યતાઓને ધ્યાને લઈને અગાઉથી જ વધારાના સ્ટાફને ફરજ ઉપર મુકવામાં આવ્યો હતો. પોલીસ વિભાગ દ્વારા ટ્રાફિક અને પાર્કિંગની સમસ્યાને કાબુમાં રાખવા માટે ખાસ વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી.



લાભ પાંચમને જ્ઞાન પંચમી તરીકે પણ ઓળખવામાં આવે છે અને આ દિવસે સરસ્વતીનું પૂજન કરવામાં આવે છે. ગાંધીનગરના સે. ૨૨માં જૈન સંઘના આંગણે ચાતુર્માસ અર્થે બિરાજમાન રાષ્ટ્રસંત પૂ. પદ્મસાગર સુરિશ્વરજી મ.સા. સહિત જૈનાચાર્યોની નિશ્રામાં સરસ્વતી પૂજનનું ભવ્ય આયોજન કરવામાં આવ્યુ હતુ જેમાં મોટી સંખ્યામાં જૈન શ્રદ્ધાળુઓ ઉપસ્થિત રહ્યાં હતા.



વેક્સીન અભિયાનને પ્રોત્સાહિત કરવા માટે થીમ બેઝડ રંગોળી બનાવાઈ હતી. આ રંગોળી શૈલી વાગ્મિન બૂચ દ્વારા તૈયાર કરવામાં આવી હતી.

# વિ.કેર ફાઉન્ડેશન દ્વારા શ્રમિકોને મિઠાઈનું વિતરણ

ગાંધીનગર, તા. ૯

વિ.કેર ફાઉન્ડેશન અને એડવોકેટ બિપીનભાઈ પટેલના સહયોગથી દિવાળી પર્વ નિમિત્તે શ્રમિક પરિવારોને ૧૨૫ કિ.ગ્રા. મિઠાઈનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.

# ગાંધીનગર ડેપોએ દિવાળીના પર્વમાં વધારાની બસો દોડાવી ૧૧.૪૧ લાખની આવક કરી

ગાંધીનગર તા ૯

ગાંધીનગર એસ ટી ડેપોએ દિવાળીના પર્વ દરમિયાન વધારાની બસો દોડાવી રૂ ૧૧.૪૧ લાખની આવક કરી છે. ડેપો કક્ષાએથી દિવાળીના તહેવારોના દિવસોમાં મુસાફરોને સમયસર યોગ્ય બસ સેવા મળી રહે તે માટે વિવિધ રૂટમાં ૨૦૮ ટ્રીપો દોડાવામાં આવી હતી જયારે ડેપો કક્ષાએથી ૪૯૭૨૦ કી મી ના રૂટમાં બસનુ સંચાલન કરવામાં આવ્યુ હતુ. જયારે ૯ હજારથી વધુ મુસાફરોએ બસ સેવાનો લાભ લીધો હતો.

છેલ્લા બે વર્ષથી કોરોના કાળમાં એસ ટી ના પૈડાની ગતિ ધીમી પડી ગઈ હતી. જેના લીધે એસ ટી નિગમે પણ આર્થિક નુકશાની વેઠવાનો વારો આવ્યો હતો. પરંતુ છેલ્લા ચાર મહીનાથી કોવિડનુ સંક્રમણ કાબુમાં હોવાથી આમ નાગરિકો સલામત સવારીમાં બેસતા થયા છે. જેના લીધે દિવાળીના પર્વો દરમિયાન એસ ટી માં ટ્રાફિક જોવા મળ્યો હતો. ગાંધીનગર એસ ટી ડેપોએ દિવાળીના પર્વ દરમિયાન ૧૧.૪૧ લાખની વધારાની આવક મેળવી છે. એસ ટી ડેપો દ્વારા દિવાળીના પર્વ દરમિયાન મુસાફરોની સાનુકુળતા માટે વિવિધ રૂટોમાં વધારાની બસો દોડાવાનુ આયોજન કરાયુ હતુ. જયારે આ અન્વયે એક સપ્તાહ દરમિયાન ૧૦૪ જેટલી વધારાની બસો દોડાવામાં આવી હતી જેમાં સૌરાષ્ટ્ર, દાહોદ, ઝાલોદ, બરોડા, ગોધરા તેમજ દક્ષિણ ગુજરાત સહીતના વિવિધ રૂટોમાં ૨૦૮ ટ્રીપ દોડાવામાં આવી હતી. ગાંધીનગર ડેપોએ દિવાળીના પર્વ દરમિયાન ૪૯૭૨૦ કી મી ના રૂટમાં સલામત સવારી અન્વયે વધારાનુ સંચાલન કર્યુ હતુ. જયારે આ વધારાની બસોના સંચાલન બદલ એસ ટી ડેપોને રૂ ૧૧.૪૧ લાખની વધુ આવક થઈ હતી. કોરોના કાળમાં છેલ્લા બે વર્ષથી એસ ટી બસમાં ટ્રાફિકનુ પ્રમાણ ઘટી ગયુ હતુ. જયારે ગત વર્ષે લોકડાઉનના કપરા કાળમાં એસ ટી બસના પૈડા થંભી ગયા હતા. કોવિડ ગાઈડલાઈનના કડક પાલનના અંતે આમ નાગરિકો એસ ટી બસમાં બેસવાનુ ટાળતા હતા. કોરોનાના સંક્રમણનો ભોગ બનતા અટકે તે માટે ભીડમાં જવાનુ ટાળતા હોવાથી એસ ટી બસમાં પણ ખાસ ટ્રાફિક જોવા મળતો ન હતો. જો કે લાંબા સમયના અંતે બસના પૈડા ટ્રેક પર દોડતા થઈ જતા એસ ટી તંત્રએ પણ રાહતનો શ્વાસ લીધો હતો. કોરોનાનુ સંક્રમણ ઘટતા છેલ્લા ત્રણ મહીનાથી એસ ટી બસમાં ટ્રાફિક વધ્યો છે. જેને અનુલક્ષીને દિવાળીના પર્વ દરમિયાન પણ એસ ટી નિગમે રાજયના વિવિધ ડેપોમાંથી વધારાની બસો દોડવવા માટે આયોજન કર્યુ હતુ. ગાંધીનગર ડેપોએ પણ વધારાની બસો દોડાવી તગડી આવક કરી છે.

# રાજયમાં જેટલાં જૈનો તેટલાં ટપકાંથી બનાવ્યું રાષ્ટ્રસંતનું ચિત્ર..!!

### ગાંધીનગરના દિવ્યાંગ ચિત્રકાર રાજુભાઈ શ્રીમાળીએ ૫,૮૦,૧૧૧ ટપકાંથી પૂ. પદ્મસાગર સુરિશ્વરજી મ.સા.નું ચિત્ર બનાવ્યું : ૪૩ દિવસમાં કુલ ૩૭૭ કલાક અને ૨૦ મિનિટની જહેમતથી બનાવેલ ચિત્ર લાભપાંચમે મહારાજ સાહેબનો અર્પણ કર્યુ

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગરમાં સેક્ટર-૨૨ ખાતે શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘના આંગણે રાષ્ટ્ર સંત પૂ. પદ્મસાગર સુરિશ્વરજી મ.સા. ચાર્તુમાસ અર્થે બિરાજમાન છે. રાષ્ટ્રસંતનું આજે ગાંધીનગરના એક દિવ્યાંગ ચિત્રકાર રાજુભાઈ શ્રીમાળીએ અજોડ ચિત્ર બનાવીને તેમના ચરણોમાં સમર્પિત કર્યુ છે જેમાં તેમણે રાજયમાં વસતા જૈનોનું પ્રતિનિધિત્વ દર્શાવતા ૫,૮૦,૧૧૧ ટપકાંનો ઉપયોગ કર્યો છે.

રાજુભાઈ શ્રીમાળી ગાંધીનગરના સેક્ટર-૨૫માં રહે છે અને આઈટીઆઈમાં પેઈન્ટર ટ્રેડમાં તાલીમાર્થીઓને તાલીમ આપવાનું કાર્ય કરે છે. આ ઉપરાંત તેઓ લોકસંગીતના સારા ગાયક હોવા સાથે ભજનિક પણ છે. કોરોના મહામારીમાં રાજુભાઈ શ્રીમાળીએ અન્ય ચિત્રકાર સાથે મળીને શહેરના 'ચ' માર્ગ પર વિધાનસભા સામેના રોડ પર કોરોના પ્રતિરોધક રસીને કોવિડ-૧૯ને મારવાની મિસાઈલ સમાન દર્શાવતુ લાંબુ ચિત્ર તૈયાર કર્યુ હતુ જે ખૂબ પ્રસંશા પામ્યું હતું. હવે રાજુભાઈ શ્રીમાળીએ કોબા મહાવીર આરાધના કેન્દ્રના પ્રણેતા રાષ્ટ્ર સંત જૈનાચાર્ય પૂ. પદ્મસાગર સુરિશ્વરજી મ.સા.નું અનન્ય ચિત્ર તૈયાર કર્યુ છે.




આ ચિત્ર તેમણે ગુજરાતમાં વસતા જૈનોની કુલ સંખ્યા જે આશરે ૫,૮૦,૦૦૦ જેટલી છે તેને અનુલક્ષીને ૫,૮૦,૧૧૧ ટપકાં વડે તૈયાર કર્યુ છે. આ ચિત્ર તૈયાર કરવામાં ૪૩ દિવસમાં ૩૭૭ કલાક અને ૨૦ મિનિટનો સમય લાગ્યો હતો. આજે લાભ પાંચમના શુભ દિવસે તેમણે આ ચિત્ર પૂ. પદ્મસાગર સુરિશ્વરજી મ.સા.ને ભેટ કર્યુ હતુ અને તેમના આશિર્વાદ લીધા હતા. પોતાની આ સિદ્ધિનો યશ રાજુભાઈએ તેમના પિતા પ્રભુદાસભાઈ તથા માતા બાલુબેનના આશિર્વાદને અર્પણ કર્યો છે, તેમજ ચિત્ર તૈયાર કરવામાં મદદરૂપ થનાર સૌ મિત્રોનો તેમણે આભાર વ્યક્ત કર્યો હતો.


# પેથાપુર મહુડી માર્ગને અનુલક્ષી થ્રી લેયર સરફેસીંગનુ કામ શરૂ કરાયુ

### પ્રવાસન પથની લાઇફ વધારવા જીયોગ્રીડ મટીરીયલ્સનો ઉપયોગ : ૩૨ કી મી ના માર્ગનુ કામ પુર્ણ થતા ૬ મહીના જેટલો સમય લાગશે

વરસાદી દિવસો બાદ દિવાળીના પર્વના અંતે હવે શહેર અને જિલ્લામાં તબક્કાવાર માર્ગ સુધારણાના કામો શરૂ કરવામાં આવી રહ્યા છે. દિવાળીના પર્વના અંતે પેથાપુર મહુડી માર્ગનુ બાકી કામ પણ શરૂ કરી દેવાયુ છે. જેમાં મહુડી થી પેથાપુરની સાઈડના રીસરફેસીંગનુ આજે કામ શરૂ કરી દેવાયુ છે. ૩૨ કી મી ના આ માર્ગના રીસરફેસીંગને અનુલક્ષી જીયો ગ્રીડ મટીરીયલ્સનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. જેના લીધે માર્ગની લાઈફ પણ વધશે થ્રી લેયર રીસરફેસીંગના લીધે માર્ગને ઘસારો પણ ઓછો રહેશે.

ગાંધીનગર શહેર તેમજ આસપાસના જિલ્લાના માર્ગોની સુધારણાનુ કામ હવે તબક્કાવાર હાથ ધરાશે. છેલ્લા ઘણાં સમયથી પેથાપુર મહુડી માર્ગની દશા ખરાબ હતી જેને અનુલક્ષીને તંત્ર દ્વારા પેથાપુર મહુડી માર્ગના રીસરફેસીંગનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે અગાઉ માર્ગની એક સાઈડનુ કામ પુર્ણ થઈ ગયુ છે. જયારે હાલ મહુડીથી પેથાપુર તરફની લેનનુ કામ શરૂ કરી દેવાયુ છે. આજે લાભ પાંચમ નિમિત્તે તંત્ર દ્વારા આ રૂટમાં કામ શરૂ કરી દેવાયુ છે. ૩૨ કી મી ની લંબાઈ ધરાવતા આ માર્ગના રીસરફેસીંગનુ કામ પુર્ણ થા હજુ સમય લાગશે સરકારી પ્લાન્ટના આધારે માર્ગ સુધારણાનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે જયારે મહુડી થી પેથાપુર વચ્ચેના રૂટમાં ભારે વાહનોની અવરજવર પણ વિશેષ રહે છે જેના લીધે આ માર્ગ ઉબડખાબડ બન્યો છે. મહુડીથી પેથાપુર તરફના માર્ગ પર ટ્રક સહીતના રેતી ભરેલા વાહનોની પણ વિશેષ અવરજવર રહે છે. જેના લીધે આ માર્ગ વધુ ગાબડા ગ્રસ્ત બને છે. સાત વર્ષથી આ માર્ગના રીસરફેસીંગનુ કામ હાથ ધરાયુ નથી જેને અનુલક્ષીને થ્રી લેયર પધ્ધતિથી માર્ગના રીસરફેસીંગનુ કામ કરવામાં આવી રહ્યુ છે. રોડની લાઈફ વધે તે માટે જીયો ગ્રીડ મટીરીયલ્સનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આજે પાંચમના દિવસે આ માર્ગની બીજી સાઈડનુ કામ પણ શરૂ કરી દેવાયુ હતુ. આ ઉપરાંત આશ્રમ ચોકડી પાસે આર સી સી માર્ગનુ કામ પણ હાથ ધરવામાં આવ્યુ છે. પેથાપુર મહુડી માર્ગ પ્રવાસન પથ તરીકે ઓળખાય છે. વર્ષો પુર્વે આ માર્ગના વાઈડનીંગનુ કામ હાથ ધરાયુ હતુ. આ માર્ગ પર ટ્રાફિકની વિશેષ અવરજવર રહે છે જેના લીધે પ્રવાસન પથ પર માર્ગ સલાતમીને ધ્યાને લઈ માર્ગ સુધારણાને અનુલક્ષી વિશેષ ધ્યાન કેન્દ્રીત કરાયુ છે.

## જન્મદિને વધામણી



અર્પિત પારેજિયા
મો. ૬૩૫૫૪૪૫૫૨૭



મિત બિપીનકુમાર સોલંકી
મો. ૯૪૨૬૨ ૭૨૦૯૯



નોવા પરિમલ શ્રીમાળી
મો. ૯૮૨૪૭૬૭૨૨૬



આલીયા પરિમલ શ્રીમાળી
મો. ૯૮૨૪૭૬૭૨૨૬



નક્ષ રમેશભાઈ પટેલ

## ચિરવિદાય

- સ્વ. વાઘેલા પ્રવિણસિંહ હેમતુજી - ઉ.વ.૪૯, પેથાપુર
- સ્વ. ઠાકોર ચંપાબેન શ્રવણજી - ઉ.વ. ૫૦ - વિરાતલાવડી
- સ્વ. પટેલ જશુભાઈ ભોળીદાસ - ઉ.વ. ૭૨ - પેથાપુર
- સ્વ. નાયી વર્ષાબેન પ્રહલાદભાઈ - ઉ.વ.૬૦, ગોલથરા, કલોલ
- સ્વ. ગોસ્વામી કરશનગીરી સોમગીરી - ઉ.વ.૭૮ - માણસા